## (1) ‘State of the World’s Nursing’ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ રિપોર્ટ સંયુક્ત રાષ્ટ્રો દ્વારા જાહેર કરવામાં આવ્યો છે.
(2) વિશ્વમાં દર 10,000 વ્યક્તિ દીઠ નર્સની સંખ્યા 36.9 છે.
(3) વર્ષ 2030 સુધીમાં વિશ્વમાં 3 કરોડ નર્સની અછત હશે.
(4) વિશ્વમાં 60 ટકા નર્સ મહિલાઓ છે જ્યારે ભારતમાં 80 ટકા નર્સ મહિલાઓ છે.

(A) માત્ર (2)
(B) માત્ર (1) અને (3)
(C) માત્ર (1) અને (4)
(D) માત્ર (2), (3) અને (4)

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO), ICN (The International Council of Nurses) અને 'The Nursing Now Campaign' દ્વારા નર્સની પરિસ્થિતિ માટેનો એક રિપોર્ટ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. આ રિપોર્ટનું નામ "State of the World's Nursing" છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ વિશ્વમાં પ્રતિ 10,000 માણસોએ નર્સની સંખ્યા 36.9 છે. આ પ્રમાણમાં વિસ્તાર આધારિત તફાવત જોવા મળે છે. જેમ કે, અમેરિકામાં નર્સનું પ્રમાણ 83.4 / 10,000 છે જ્યારે આફ્રિકામાં આ પ્રમાણ 8.7 / 10,000 છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ વર્ષ 2030 સુધીમાં વિશ્વમાં 57 લાખ નર્સની અછત સર્જાય શકે તેમ છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ યુરોપ, અમેરિકા અને પૂર્વીય ભૂમધ્ય વિસ્તારોમાં મુખ્યત્વે હિજરતી (Migrant) નર્સ જોવા મળે છે.

⇛ ભારતમાં વર્ષ 2018 મુજબ નર્સની સંખ્યા 15.6 લાખ હતી.

⇛ વિશ્વમાં 90 ટકા નર્સ મહિલાઓ છે. ભારતમાં પણ 88 ટકા નર્સ મહિલાઓ છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) વોર્મીવેટ (Wormivet) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) નેશનલ ઈનોવેશન ફાઉન્ડેશન દ્વારા આ દવા બનાવવામાં આવી છે.
(2) તે એક કેમિકલયુક્ત દવા છે, જે 100% સ્વદેશી છે.
(3) પશુધનમાં થતાં જંતુઓને દૂર કરવા માટેની આ દવા છે.
(4) પશુઓમાં જંતુઓના કારણે એનેમિયા જોવા મળે છે.

(A) આપેલ તમામ
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1) અને (2)
(D) માત્ર (1), (3) અને (4)

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ નેશનલ ઈનોવેશન ફાઉન્ડેશન દ્વારા એક સ્વદેશી તથા હર્બલ (વનસ્પતિમાંથી બનાવવામાં આવતી દવા) તૈયાર કરવામાં આવી છે, જેનું નામ વોર્મીવેટ છે. (આથી, વિધાન (1) સાચું છે, જ્યારે વિધાન (2) ખોટું છે.)

⇛ આ દવાનો ઉપયોગ કેમિકલ પદ્ધતિઓના બદલે થઈ શકશે.

⇛ પશુધનમાં જોવા મળતાં વિવિધ જંતુઓ/કૃમિઓને દૂર કરવાના હેતુથી આ દવાનો વિકાસ કરવામાં આવ્યો છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ પશુઓમાં જંતુઓના કારણે ઘણી મુશ્કેલી તથા રોગ જોવા મળે છે. જેમ કે, વજનમાં ઘટાડો થવો, એનિમિયા, પ્રજનન સ્વાસ્થ્યમાં ઘટાડો થવો, વિવિધ ઉત્પાદકતામાં ઘટાડો થવો વગેરે. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (3) “ભારત પઢે ઓનલાઈન કેમ્પેઈન” વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ કેમ્પેઈન માનવ સંસાધન વિકાસ મંત્રાલય દ્વારા શરૂ કરવામાં આવ્યું છે.
(2) આ કેમ્પેઈન એક મહિના સુધી કાર્યરત રહેશે.
(3) આ કેમ્પેઈનમાં વિદ્યાર્થીઓની સાથે શિક્ષકોને પણ ધ્યાનમાં રાખવામાં આવ્યાં છે.
(4) આ અંતર્ગત ડિજિટલ શિક્ષણ સમક્ષની સમસ્યાઓ ઉકેલવા માટે તજજ્ઞોની મદદ લેવામાં આવશે.

(A) માત્ર (3)    (B) માત્ર (2) અને (4)
(C) માત્ર (1), (3) અને (4)    (D) આપેલ તમામ

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ માનવ સંસાધન વિકાસ મંત્રાલય દ્વારા એક સપ્તાહનું “ભારત પઢે ઓનલાઈન કેમ્પેઈન” લોંચ કરવામાં આવ્યું છે. (આથી, વિધાન (1) સાચું છે, જ્યારે વિધાન (2) ખોટું છે.)

⇛ આ કેમ્પેઈનનો હેતુ ભારતમાં ઓનલાઈન શિક્ષણને વધુ સારું બનાવવાનો છે.

⇛ આ કેમ્પેઈનમાં તજજ્ઞોને બોલાવવામાં આવશે. જેથી તેઓ ડિજિટલ શિક્ષણના પ્રોત્સાહન માટેનું પોતાનું જ્ઞાન અને તેની સમક્ષની સમસ્યાઓના ઉકેલો જણાવી શકે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ આ કેમ્પેઈનમાં મુખ્ય ટાર્ગેટ તરીકે વિદ્યાર્થીઓ અને શિક્ષકો બન્ને છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ ભારતમાં ડિજિટલ શિક્ષણ માટેની અન્ય પહેલ : સ્વયમ્, સ્વયમ્ પ્રભા, નેશનલ ડિજિટલ લાયબ્રેરી વગેરે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

(4) 'જિમ કોર્બેટ' રાષ્ટ્રીય ઉદ્યાન વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તે ઉત્તરાખંડના દહેરાદુન જિલ્લામાં આવેલું છે.
(2) તેનું જૂનું નામ હૈલી રાષ્ટ્રીય ઉદ્યાન હતું.
(3) તે ભારતનું સૌથી જૂનું રાષ્ટ્રીય ઉદ્યાન છે.
(4) તાજેતરમાં અહીં જંગલી પ્રાણી માટેની ક્વોરન્ટાઈન સુવિધા સ્થાપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

(A) માત્ર (1) (B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1) અને (4) (D) આપેલ તમામ

⇛ જવાબ :- B

**સમજૂતી :**

⇛ ઉત્તરાખંડ વન વિભાગ દ્વારા જિમ કોર્બેટ રાષ્ટ્રીય ઉદ્યાનમાં 10 ક્વોરન્ટાઈનની સુવિધાઓ તૈયાર કરવામાં આવશે. અહીં કોરોના વાયરસથી સંક્રમિત થયેલાં વાઘ કે અન્ય પ્રાણીઓને રાખવામાં આવશે.(આથી, વિધાન (4) સાચું છે.)

⇛ જિમ કોર્બેટ રાષ્ટ્રીય ઉદ્યાન ઉત્તરાખંડના નૈનીતાલ જિલ્લામાં આવેલું છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ તેની સ્થાપના વર્ષ 1936માં હૈલી રાષ્ટ્રીય ઉદ્યાન તરીકે કરવામાં આવી હતી. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ તે ભારતનું સૌથી જૂનું રાષ્ટ્રીય ઉદ્યાન છે. તથા પ્રોજેક્ટ ટાઈગરની શરૂઆત અહીંથી જ કરવામાં આવી હતી. (આથી, વિધાન (3) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## (5) રાજ્યપાલના વટહૂકમ બાબતે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(1) જ્યારે વિધાનસભાનું સત્ર ચાલુ ન હોય ત્યારે રાજ્યપાલ વટહૂકમ બહાર પાડી શકે છે.

(2) આ વટહૂકમ જ્યારે વિધાનસભાનું સત્ર ચાલુ થાય ત્યારથી એક મહિનામાં પસાર થવો જરૂરી છે.

(3) રાજ્યપાલને વટહૂકમ બહાર પાડવા માટે મંત્રીપરિષદની સલાહની જરૂર નથી.

(4) વટહૂકમને કોઈપણ સમયે પાછો ખેંચી શકાય છે.

(A) માત્ર (2), (3) અને (4)   (B) આપેલ તમામ

(C) માત્ર (1), (3) અને (4)   (D) માત્ર (1) અને (4)

⇒ **જવાબ :- D**

**સમજૂતી :**

⇒ તાજેતરમાં ઓડિશા સરકાર દ્વારા 'Epidemic Diseases (Amendment) Ordinance, 2020' નામનો વટહૂકમ બહાર પાડવામાં આવ્યો છે.

⇒ જ્યારે વિધાનસભા સત્રમાં ન હોય ત્યારે કોઈ મહત્ત્વની બાબત માટે રાજ્યપાલ વટહૂકમ બહાર પાડી શકે છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇒ વિધાનસભાનું સત્ર ચાલું થયા બાદ આ વટહૂકમ છ સપ્તાહમાં પસાર થવો જરૂરી છે. જો આમ કરવામાં ન આવે તો વટહૂકમનો અંત થયો ગણાશે. તથા છ સપ્તાહ અગાઉ વિધાનસભા વટહૂકમને નકારી પણ શકે છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇒ ઉપરાંત રાજ્યપાલ કોઈપણ સમયે વટહૂકમને પાછો પણ ખેંચી શકે છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇒ રાજ્યપાલની વટહૂકમની સત્તા તેની પોતાની વિવેકબુદ્ધિને આધિન નથી. અર્થાત્ વટહૂકમ બહાર પાડવા માટે અથવા તેને પાછો ખેંચવા માટે મંત્રીપરિષદની સલાહ મુજબ જ રાજ્યપાલને વર્તવું પડે છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT